મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૪૧ ટકા
ગાંધીનગર તાપમાન

જિલ્લાની ત્રણ બેઠકો પર રોમાંચક મતગણતરી

ગાંધીનગર દક્ષિણ, કલોલ અને માણસાની બેઠકમાં સાંજ સુધી રોમાંચક અપ-ડાઉન ચાલી : ગાંધીનગર ઉત્તર અને દહેગામે એકધારી લીડ પકડી રાખી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પૈકી દહેગામની બેઠક પર પહેલેથી એકધારી ભાજપ લીડ લેતી હોવાથી કામીનીબા રાઠોડના ટેકેદારો નિરાશ જોવા મળ્યા હતા. જયારે ગાંધીનગર ઉત્તરમાં પણ ડૉ. સી.જે. ચાવડા સતત લીડ લઈ રહ્યા હતા તેમ છતાં આ બેઠક મતોની સરસાઈ તમામ રાઉન્ડમાં પ્રમાણમાં ઓછી હોવાથી રસપ્રદ થઈ ગતી. આ બંને બેઠક સિવાયની ત્રણેય બેઠક ખુબ જ રોમાંચક રહી હતી.

ગાંધીનગર દક્ષિણમાં કોંગ્રેસના ઉમેદવાર ગોવિંદજી સોલંકી શરૂઆતના ૧૦-૧૨ રાઉન્ડ સુધી હાઈએસ્ટ ૧૩ હજારથી વધુ લીડ લઈ રહ્યા હતા. જયારે શંભુજી ઠાકોરના ગઢ ગણાતા વિસ્તારના ઈવીએમ ખુલ્યા ત્યારે લીડ કાપીને હરણફાળ ગતિએ નીકળી ગઈ હતી. અંતે શંભુજી ૧૧ હજારથી વધુ મતની લીડ સાથે જીત્યા હતા. તો બીજી તરફ કલોલમાં ડૉ. અતુલ પટેલ અને બળદેવજી ઠાકોર વચ્ચે કાંટે કી ટકકર જામી હતી. બંને ઉમેદવારોએ છેલ્લા રાઉન્ડ સુધી એકબીજાની લીડ કાપી ટેકેદારોના રોમાંચને પરાકાષ્ઠાએ પહોંચાડયો હતો. દિલધડક ચાલી રહેલા કાઉન્ટીંગમાં એક સમય તો ૭૪ મતની સરસાઈએ પહોંચ્યો અને આખરે બળદેવજી ઠાકોરના ગઢ ગણાતા ગામોના ઈવીએમ કાઉન્ટ થતા જ તેમણે ખુલ્લી જીત મેળવી હતી. ગાંધીનગર ખાતે ત્રીજી રોમાંચક લીડ અપ-ડાઉન માણસા વિધનસભા બેઠકની રહી હતી. અમિત ચૌધરી પહેલા માઈનસ રહ્યા. થોડા રાઉન્ડ બાદ લીડ કાપીને આગળ વધ્યા.. છેલ્લા તબક્કામાં સુરેશ પટેલ પણ વધુ મત ખેંચી ગયા અને આખરે અમિત ચૌધરીની લીડ કાપીને સુરેશ પટેલ વિજેતા બન્યા હતા. ગાંધીનગર જિલ્લાની પાંક પૈકી ગાંધીનગર દક્ષિણ, કલોલ અને માણસા વિધાનસભા બેઠકોના ઉમેદવારોમાં મતોની લીડની અપડાઉન આ રીતે દિવસભર રોમાંચક અને દિલધડક રહી હતી.

ફિજી ખાતેના ભારતીય ઉચ્ચાયુકત શ્રીયુત વિશ્વાસ સપકલએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

મતગણતરી કેન્દ્રની બહાર કાર્યકરોએ ૩૫૦ કિલો ગુલાલ ઉડાડયો

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આજે જાહેર થવાનું હોવાથી મતગણતરી કેન્દ્રો પર સવારથી જ કાર્યકરોનો ભારે જમાવડો થયો હતો ત્યારે ગાંધીનગર જિલ્લાની પણ પાંચ બેઠકોની મત ગણતરી સે-૧૫ આર્ટસ કોલેજ ખાતે યોજાઈ હતી. કોલેજ સંકુલની આસપાસ રાજકીય પક્ષના હોદ્દેદારો, ટેકેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મતગણતરીને અનુલક્ષી સવારથી ચા-પાણી-નાસ્તાની અને ફુલહાર તેમજ ગુલાલની લારીઓ લઈને વેપારીઓ ઉભા રહી ગયા હતા. સવારથી ફુલહાર અને ગુલાલ લઈને ઉભેલા વેપારીઓને બપોર બાદ બોણી થઈ હતી અને જેમ જેમ વિજેતા ઉમેદવારોના નામ આવતા ગયા તેમ તેમ ગુલાલની છોળો કાર્યકરોએ ઉડાડતા કોલેજની બહાર માર્ગ પણ ગુલાલના રંગે રંગાઈ ગયો હતો. વિજેતા ઉમેદવારની વધામણી માટે ફુલહાર પહેરાવતા ફુલો અને ગુલાલના વેપારીઓને બખ્ખા થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરના સે-૧૫ આર્ટસ કોલેજ મત ગણતરી કેન્દ્રની બહાર ભાજપ-કોંગ્રેસ અને રાજકીય પક્ષોના કાર્યકરો અને ટેકેદારોનો માનવ મહેરામણ જોવા મળ્યો હતો ત્યારે કોણ જીતે છે તેની રાહ અને લીડની જાહેરાત થતા ઢોલ-નગારા સાથે સૌ કાર્યકરો ઝુમી ઉઠયા હતા. આ સમયે ફુલહાર અને ગુલાલના વેપારીઓનો પણ દબદબો જોવા મળ્યો હતો. મતગણતરી કેન્દ્રની બહાર ૩૫૦થી વધુ કિલો ગુલાલનું વેચાણ થયું હતું અને હજજારો રૂપિયાના ફુલહારનું વેચાણ થયું હતું. મતગણતરી કેન્દ્ર બહાર ગલગોટાના હારના ૨૦રૂ. ગુલાબના હારના ૫૦રૂ. અને ગુલાલની થેલીના ૧૦રૂ. લેખે ધૂમ વેચાણ થયું હતું. પરંતુ છેલ્લા કલાકો દરમિયાન ફુલહાર અને ગુલાલના વેપારીઓએ ભાવ વધારી દીધા હતા.

જે જીતે એ, મારે તો ગુલાલ વેચવાથી કામ

'સાહેબ, ભાજપ જીતે કે કોંગ્રેસ તેમની ચિંતા તમને હશે, મારે તો આજે રાત્રે મારા ઝુંપડે ખાવાનું બનશે કે નહી તેની ફિકર કરવાની છે.' ગાંધીનગર જિલ્લાના મતગણતરી કેન્દ્ર સામે જામેલી રાજકીય પક્ષોના ટેકેદારોની ભીડ વચ્ચે ગુલાલની કોથળીઓ વેચી બે પૈસા રળી લેવા એક જરૂરિયાતમંદ વર્ગની કિશોરી પ્રયત્ન કરી રહી હતી. શું આ ચૂંટણીઓનો જનાદેશ આપણા બાળકોને મજબૂરીમાં કરવી પડતી 'બાળ મજદૂરી' માંથી છૂટકારો અપાવી શકશે?

સે-૪માં ઉભરાતી ગટર ચેમ્બરો સત્વરે સાફ કરવા માંગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૪ની ગટરની ચેમ્બરો કાદવ કીચડથી ભરાઈ જવા પામી છે. વળી, અત્યારે સેકટરમાં રોડ પેવરીંગનું કાર્ય ચાલી રહ્યું છે જેને કારણે ગટર ચેમ્બરોને નુકશાન થઈ રહ્યું છે. આ નુકશાનને રીપેર કરવા માટે સત્વરે ગટર ચેમ્બરોને ખાલી કરવી જરુરી છે. જે અંગે કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ રજુઆત કરી છે.

સેકટર-૪માં ડ્રેનેજ લાઈનની ચેમ્બરો ભરાઈ જવાને કારણે રહીશો પરેશાની ભોગવી રહ્યા છે. વળી, આ ચેમ્બરો કાદવ કીચડથી ઉભરાવાને કારણે રોગચાળો ફેલાવાની પણ દહેશત ઉભી થવા પામી છે. આ સાથે સેકટરમાં ચાલી રહેલ રોડ પેવરીંગના કાર્યને પગલે ગટર ચેમ્બરોને થઈ રહેલા નુકશાનને રીપેર કરવા ચેમ્બર ખાલી હોવી જરુરી છે. આ સંજોગોમાં આ વિસ્તારની સેકટર-૩ ખાતે આવેલી ડ્રેનેજ સુવિધામાં અનેક રજુઆત કરવા છતાં આ કાર્ય હાથ ધરાયું નથી જેના પગલે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ 'ડ્રેનેજ કચેરીવાળા રોડ પેવરીંગના બહાના બતાવી રોડ ડિપાર્ટમેન્ટને ખો આપે છે' તેવા આક્ષેપ સાથે સત્વરે ગટર ચેમ્બરો સાફ કરાવવા પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત રજુઆત કરી છે.

એએસીએના રકતદાન શિબિરમાં ૧૮૯ યુનિટ રકત એકત્ર કરાયું

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન-એએસીએ દ્વારા તાજેતરમાં સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનશન કેમ્પને ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડતા કુલ ૧૮૯ બોટલ રકત એકત્ર કરાયું હતું.

એએસીએના સભ્યો તથા મીડિયા સંલગ્ન મિત્રો સાથે મળી સમાજ માટે ઉપયોગી કાર્યો હાથ ધરતા હોય છે. એએસીએ દ્વારા તા. ૧૦મી ડિસેમ્બરના રોજ સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાત સાથે મળીને રકતદાન શિબિરનું આયોજન કર્યું હતું. આ રકતદાન શિબિરનો હેતુ ગુજરાત કેન્સર સોસાયટી કે જે કેન્સરપીડિત બાળકોને સહાયરૂપ બને છે તેના લાભ માટેનો તથા સમાજમાં રકતદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો. આ ઉમદા હેતુ સાથે આયોજિત કરાયેલ રકતદાન શિબિરમાં રકતદાતાઓએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપતા કુલ ૧૮૯ યુનિટ રકતદાન કર્યું હતું. એએસીએ દ્વારા રકતદાતાઓના પ્રોત્સાહક પ્રતિસાદ બદલ આભાર વ્યકત કર્યો હતો.

ચૂંટણી પરિણામોની અસર વચ્ચે સેન્સેક્સ ૧૨૦૦ અંકના પછડાટ બાદ ૧૩૯ પોઈન્ટ વધ્યો

સોમવારે ગુજરાતની મતગણતરીના પ્રારંભમાં કોંગ્રેસની લીડ અને ભાજપની પીછેહટના પ્રાથમિક વલણ વખતે માર્કેટ ઘટીને ખુલીને તરત ૮૫૦ પોઇન્ટથી વધુ તૂટીને નીચે ૩૨,૫૯૫.૬૩ સુધી ગયો હતો. જોકે, કાઉન્ટિંગ આગળ વધતા ભાજપ લીડમાં આવતા સુધારો આવ્યો હતો અને પછી બજારો બાકીના દિવસ દરમિયાન પોઝિટિવ બન્યા હતા. ભાજપને બહુમતી સીટ મળતા સેન્સેક્સ અંતે +૧૩૮.૭૧ (૦.૪૧%) પોઇન્ટ વધીને ૩૩,૬૦૧.૬૮ પર બંધ રહ્યો છે. સેન્સેક્સ દિવસની નીચી સપાટીથી ઉપર ૩૩,૮૦૧.૯૦ સુધીમાં ૧૨૦૬ સુધી સુધર્યો હતો. એ જ રીતે, નિફ્ટી પણ નીચે ૧૦,૦૭૪.૮૦ને અડ્યો હતો અને સુધરીને ઉપર ૧૦,૪૪૩.૫૫ સુધી ગયો હતો. અંતે નિફ્ટી ૫૫.૫૦ પોઇન્ટ વધીને ૧૦,૩૮૮.૭૫ પર બંધ રહ્યો છે.

બજારને સુધારવામાં અને પોઝિટિવ બંધ આપવામાં પીએસયુ બેંકો, મેટલ, ફાર્મા, ઓટોએ મોટો ટેકો આપ્યો છે. એનએસઇમાં સૌથી વધુ પીએસયુ બેંક ઈન્ડેક્સ ૨.૪૩ ટકા વધ્યો હતો. ઉપરાંત મેટલ ઈન્ડેક્સ ૧.૮૨ ટકા, ફાર્મા ૧.૪૪ ટકા અને ઓટો ૧.૨૨ ટકા વધીને આગળ રહ્યા હતા. બેંક નિફ્ટી ૦.૭૨ ટકા વધીને ૨૫,૬૨૨.૨૫ પર બંધ રહ્યો છે. ઉપરાંત ટેલિકોમ ૦.૯૧ ટકા, ઈન્ફ્રા ૦.૭૫ ટકા, એનર્જી ૦.૧૪ ટકા, આઇટી ૦.૧૫ ટકા વધ્યા છે. જ્યારે રીયલ્ટી ઈન્ડેક્સ ૦.૪૧ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સના ૨૧ શેરો વધીને બંધ રહ્યા છે તેમાં એમએન્ડએમ ૨.૭૫ ટકા વધીને ટોપ ગેઈનર રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, મારુતિ, એમએન્ડએમ અને એચડીએફસી બેંક જેવા શેરોએ ૨.૭૫ ટકાથી ૦.૪૬ ટકા વધીને સેન્સેક્સને ઊંચક્યો હતો. ઉપરાંત, સન ફાર્મા, વિપ્રો, ટાટા સ્ટીલ, ભારતી, ટીસીએસ, એલેન્ડટી, ડો રેડ્ડી, હીરો મોટોકોર્પ અને એચયુએલ જેવા શેરો ૨ ટકાથી ૦.૬૭ ટકા વધ્યા છે. જ્યારે ઈન્ફોસીસ, યસ બેંક, કોલ ઈન્ડિયા, એચડીએફસી અને આઇટીસી ગબડ્યા છે.

પ્રારંભિક કાઉન્ટિંગમાં અસ્પષ્ટતા અને બીજેપીની પીછેહટથી માર્કેટ તૂટતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર ૬ ટકા તૂટીને નીચે રૂ.૮૬૧.૭૦ સુધી ગયો હતો. જોકે, પછી શેર સુધીને રૂ.૯૧૯.૪૦ પર ફ્લેટ બંધ રહ્યો છે.

પ્રારંભિક વલણમાં કોંગ્રેસ બીજેપીથી આગળ રહેતા માર્કેટમાં કડાકો આવ્યો હતો. તેથી સવારે અદાણી ગ્રુપના શેરોમાં ૧૫ ટકાનો ઘટાડો હતો. અદાણી એન્ટરપ્રાઇઝિ ૧૪.૭૦ ટકા, અદાણી પોર્ટ ૬.૭ ટકા, અદાણી પાવર ૯ ટકા અને અદાણી ટ્રાન્સમિશન ૯.૬ ટકા ગબડ્યા હતા. છે. તેના કારણે શરૂઆતની મિનટોમાં રૂ.૧૨,૩૨૬ કરોડનું ધોવાણ થયું હતું. જોકે માર્કેટ સુધરતા આ શેરો પણ વધ્યા છે.

જયારથી મોબાઈલ ફોનમાં કેમેરા આવ્યા છે ત્યારથી સેલ્ફીના ક્રેઝે યુવાનોને ઘેલું લગાડયું છે. હવે તો સારો પ્રસંગ હોય કે માઠો, મોબાઈલ ધારકો 'સેલ્ફી' લેવાનું ચુકતા નથી. વળી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ જયારે સેલ્ફી લેવાની લાલચ રોકી ના શકતા હોય ત્યારે તેમના ટેકેદારો કેવી રીતે ચુકે. ગાંધીનગરના મતગણતરી કેન્દ્રની બહાર જીતેલા ઉમેદવારની રાહ જોતા ટેકેદારો 'સેલ્ફી' લેતા નજરે ચઢયા હતા.

શહેરની સરકારી કચેરીઓમાં પણ દિવસભર રાજકીય ચર્ચાઓ ચાલી

ગાંધીનગર, તા.૧૮

સમગ્ર ગુજરાતનો વહીવટ પાટનગર ગાંધીનગરથી થાય છે. તમામ વિભાગની વડી કચેરીઓ ગાંધીનગરમાં આવેલી છે ત્યારે મોટાભાગની કચેરીઓમાં અધિકારી-કર્મચારીઓ હોવા છતાં રજાનો માહોલ હોય તેમ સુમસામ જોવા મળી રહી હતી. દરેક અધિકારી-કર્મચારીઓ મોબાઈલમાં લાઈવ સમાચાર કે ફોન પર રાજકીય ચર્ચાઓ કરતા નજરે પડયા હતા. પોતાના વતન કે વિસ્તારના કયા રાજકીય પક્ષના ઉમેદવાર જીત્યા છે તેમજ કયા દિગ્ગજો ઉમેદવારોને હારનો સામનો કરવો પડયો છે તેની ચર્ચા વિચારણા કરતા નજરે ચડયા હતા. ચુંટણીના મતગણતરી કેન્દ્રની બહાર રિઝલ્ટ જાણવા પોતાના માણસો પણ ઉભા કરી દીધા હતા ત્યારે સરકારી કચેરીઓમાં પણ દિવસભર રાજકીય ચર્ચાઓ ચાલી હતી.

પ્રિટી વુમન્સ કલબ દ્વારા હાઉસી માલામાલનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની પ્રિટી વુમન્સ કલબ દ્વારા 'હાઉસી માલામાલ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે તા. ૨૧મી ડિસેમ્બરે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સેકટર-૧૭ના ટાઉનહોલ ખાતે યોજાશે.

પ્રિટી વુમન્સ કલબ શહેરમાં મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે અને આ સંસ્થાનો મુખ્ય હેતુ મહિલાઓને રોજીંદા ઘરેલું કાર્યોમાંથી મુકિત મેળવી આનંદ માણવા વિવિધ કાર્યક્રમનું આયોજન કરે છે. આ અંતર્ગત આગામી તા. ૨૧મી ડિસેમ્બરે ટાઉનહોલ ખાત મહિલાઓ માટે 'હાઉસી માલામાલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ મહિલાઓને ફ્રી ગીફ્ટ પણ આપવામાં આવનાર છે તેમજ વિજેતા મહિલાઓને આકર્ષક ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમના એન્ટ્રી પાસ માટે સંસ્થાના શિલ્પા દેસાઈ અથવા દક્ષા જાદવનો સંપર્ક સાધવા શહેરની મહિલાઓને અનુરોધ કરવામાં આવ્યો છે. જેમના સંપર્ક નંબરો અનુક્રમે ૯૪૨૮૬ ૯૨૬૭૬ અને ૯૮૭૯૦ ૫૭૯૭૮ છે.

ગાંધીનગરની લાયન્સ કલબ દ્વારા શહેરના એક ખાનગી ટયુશન કલાસની સંસ્થામાં ધોરણ-૧૦ના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે 'એન્જોય યોર એકઝામ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વકતા પ્રિયંકા જૈન રાવલે વિદ્યાર્થીઓને તેમના મનમાંથી 'બોર્ડની પરીક્ષા'નો ભય દૂર કરવા પ્રેરિત કર્યા હતા તથા પરીક્ષામાં સારું પ્રદર્શન થાય તે માટે ઉપયોગી ટીપ્સ પણ આપી હતી. સેમિનારમાં સંસ્થાના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

નિર્ણાયક સાબિત થયેલા ગ્રામીણ મતદારો પરિણામ જાણવા આવ્યા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં વધુ એકવાર ગ્રામીણ મતદારોના મત નિર્ણાયક સાબિત થયા છે. ખેડૂતોના નામે કરાતી રાજનીતિને આ મતદારોએ સૂચક જવાબ પાઠવતા સાશક અને વિરોધ બંને પક્ષને જાણે ચિમકી આપી હોય તે રીતે પરિણામ આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના મતગણતરી કેન્દ્ર પર ગ્રામીણ વિસ્તારના મતદારો મોટી સખ્યામાં ચૂંટણીના પરિણામને જાણવા તેમના પરંપરાગત વસ્ત્રોમાં આવ્યા હતા અને રોડની વચ્ચે ડિવાઈડર પર બેસી પરિણામો પ્રાપ્ત કરવા સાથે તેનું મૂલ્યાંકન કરતા જોવા મળ્યા હતા.

વાતવાતમાં

● મતગણતરીના પગલે વિદ્યાર્થીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. બાળકોએ પણ સ્કૂલેથી આવીને મતગણતરીના પરિણામો ટીવી ઉપર નિહાળ્યા હતા અને પોતાના મિત્ર વર્તુળમાં તેમના મંતવ્યો અનુસાર ચર્ચા કરતા નજરે પડયા હતા.

ચિરવિદાય

- સ્વ. ઈન્દ્રસિંહ કરણસિંહ વાઘેલા, ઉ.વ. ૨૦
- સ્વ. મગનભાઈ રેવાભાઈ પરમાર, ઉ.વ. ૬૬
- સ્વ. નિરંજનાબેન રાજેન્દ્રકુમાર વ્યાસ, ઉ.વ. ૫૫
- સ્વ. દશરથજી પુંજાજી ઠાકોર, ઉ.વ. ૫૧
- સ્વ. પશીબેન મગનલાલ પ્રજાપતિ, ઉ.વ. ૯૫